**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૩.૦° સે. | ૨૯.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૩૦.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૩૦.૦° સે. |

## રૂ. 8 કરોડની વેરા વસૂલાત, હવે નવસારી મનપાનું ધ્યાન બાકીદારો પર

**30 જૂન સુધી 10% વળતર, ત્યારબાદ ડ્રેનેજ, પાણી કનેક્શન અને સીલિંગ કાર્યવાહી થશે**

નવસારીઃ નવસારી મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરાની વસૂલાત માટે ચલાવવામાં આવી રહેલા અભિયાનને સારો પ્રતિસાદ મળ્યો છે. મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ હાલ સુધીમાં અંદાજે રૂ.8 કરોડ જેટલી વેરા વસૂલાત થઈ ચૂકી છે. વેરા વસૂલાતમાં વધારો થતાં પાલિકા તંત્રએ હવે બાકીદારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને 30 જૂન, 2026 સુધીની સમયમર્યાદા પહેલાં વેરો ભરવા માટે નાગરિકોને અપીલ કરી છે.

મહાનગરપાલિકા દ્વારા અમલમાં મુકાયેલી વિશેષ વળતર યોજના અંતર્ગત 30 જૂન સુધી મિલકત વેરો ભરનાર કરદાતાઓને વેરાની રકમ પર 10 ટકા વળતર (રિબેટ) આપવામાં આવી રહ્યું છે. પાલિકાનું માનવું છે કે આ યોજનાના કારણે મોટી સંખ્યામાં મિલકતધારકો સમયસર વેરો ભરવા આગળ આવ્યા છે અને તેની સીધી અસર વસૂલાતના આંકડાઓમાં જોવા મળી રહી છે. મહાનગરપાલિકાના અધિકારીઓએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે 30 જૂન બાદ બાકી વેરાદારો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. નિયમ મુજબ લાંબા સમયથી વેરો બાકી રાખનાર મિલકતધારકો સામે ડ્રેનેજ અને પાણી કનેક્શન સંબંધિત કાર્યવાહી ઉપરાંત જરૂરી હોય ત્યાં મિલકતોને સીલ કરવાની પ્રક્રિયા પણ અમલમાં મુકવામાં આવી શકે છે. પાલિકાનું કહેવું છે કે વેરાની વસૂલાત શહેરના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને બાકીદારો સામે કાયદેસર પગલાં લેવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી.

હવે માત્ર થોડા દિવસો બાકી રહ્યા હોવાથી મહાનગરપાલિકાએ ફરી એકવાર અપીલ કરી છે કે મિલકતધારકો અંતિમ તારીખની રાહ જોયા વિના તાત્કાલિક વેરો ભરી 10 ટકા વળતરનો લાભ મેળવે અને ભવિષ્યમાં થનારી કાયદેસરની કાર્યવાહીથી બચે.

**નવસારી જિલ્લામાં ધોરણ-૯થી ૧૨ના હજારો વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકો વિના વંચિત**

# ચોપડી વિના ભણશે ગુજરાત?

**કાગળની આયાત અને ન્યાયિક પ્રક્રિયાના વિઘ્નો નડ્યા હોવાનો પાઠ્યપુસ્તક મંડળનો બચાવ**

**જૂન મહિનાના અંત સુધી વિદ્યાર્થીઓએ જોવી પડશે રાહ, છાપકામમાં મોડું થતાં મુશ્કેલી**

### ઝડપથી પાઠ્યપુસ્તકો મળી રહે તે માટે સૂચના આપી છેઃ DEO

નવસારી જિલ્લા શિક્ષણ અધિકારી જયેશભાઈને આ અંગે પૂછતા તેમણે જણાવ્યું હતું કે ચાલુ વર્ષે ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિના મૂલ્ય આપવામાં આવતા પાઠ્યપુસ્તકો હજી સુધી આવ્યા નથી. આ અંગે એસ.વી.એસ કન્વીનર સાથે જરૂરી વાતચીત કરી બાળકોને ઝડપથી પાઠ્યપુસ્તક મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવા જણાવ્યું છે.




ઘેજઃ શિક્ષણ વિભાગના અણધડ વહીવટ વચ્ચે ચીખલી સહિત જિલ્લામાં નવુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયા બાદ પણ ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતાં હજારો વિદ્યાર્થીઓ માટે જરૂરી પાઠ્યપુસ્તકો હજુ સુધી ઉપલબ્ધ ન થતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો મૂંઝવણમાં મુકાયા છે.

ચીખલી સહિત જિલ્લામાં ૧૨૦ જેટલી ગ્રાન્ટેડ, નવ જેટલી સરકારી ઉપરાંત ખાનગી સાથે ૨૩૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે અને વેકેશન બાદ આ શાળાઓ શરૂ થઈ ગઈ છે પરંતુ હજુ સુધી પુસ્તકોના ઠેકાણાં નથી અને સમગ્ર બાબતે તંત્ર વામણું પુરવાર થયું છે. ખાસ કરીને ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષનો દરેક દિવસ મહત્ત્વના હોય છે.

મળતી માહિતી અનુસાર પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પુસ્તકોના પુરવઠામાં વિલંબ થવાનું મુખ્ય કારણ ન્યાયિક પ્રક્રિયા અને કાગળની આયાત સંબંધિત વિઘ્નો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ પરિસ્થિતિને કારણે પાઠ્યપુસ્તકોના છાપકામ અને વિતરણમાં મોડું થતાં આ સ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. પરિણામે શાળાઓ શરૂ થવા છતાં વિદ્યાર્થીઓને જરૂરી પુસ્તકો સમયસર મળી શકશે નહીં અને જૂન મહિનાના અંત સુધીમાં પુસ્તકો ઉપલબ્ધ થવાની શક્યતા છે. શિક્ષણ વિભાગ દ્વારા તમામ પાઠ્યપુસ્તકો ઓનલાઈન ઉપલબ્ધ હોવાનું જણાવવામાં આવ્યું છે અને ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરીને શિક્ષણકાર્ય શરૂ રાખવા સૂચના આપવામાં આવી છે. જોકે ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ ઘણા વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોન, ઈન્ટરનેટ અથવા ડિજિટલ સાધનોની પૂરતી સુવિધા ઉપલબ્ધ નથી. તેથી માત્ર ઓનલાઈન પુસ્તકોના આધાર પર અભ્યાસ ચલાવવો દરેક વિદ્યાર્થી માટે શક્ય નથી.

આ દરમિયાન ૧૮, ૧૯ અને ૨૦ જૂન દરમિયાન યોજાનારા પ્રવેશોત્સવ અને શાળા પ્રવેશ મહોત્સવમાં કન્યા કેળવણી પાછળ સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરીને શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરશે. પરંતુ બીજી તરફ વિદ્યાર્થીઓને મૂળભૂત શૈક્ષણિક સાધન ગણાતા પાઠ્યપુસ્તકો સમયસર ઉપલબ્ધ ન થતાં શિક્ષણપ્રેમીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે ત્યારે હવે વિદ્યાર્થીઓને પુસ્તકો ક્યારે મળશે તે જોવું રહ્યું.

## કુરેલિયા ગામે કપિરાજનો આતંક, દુકાનોમાં તોડફોડ

**શાળા પરિસરમાં ઘૂસી જતાં બાળકો સહિત ગ્રામજનોમાં ભય**



વાંસદાઃ વાંસદાના કુરેલિયા ગામમાં છેલ્લા બે-ત્રણ દિવસથી એક કપિરાજના આતંકથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કપિરાજ ગામની દુકાનોમાં ઘૂસી જઈ સામાન વેરવિખેર કરી નાંખતો હોવાની ફરિયાદો ઊઠવા પામી છે. કપિરાજે એક દુકાનનો કાચ પણ તોડી નાખતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

વાંસદા તાલુકાના કુરેલિયા ગામના મુખ્ય ચાર રસ્તા પાસે આવેલી કેટલીક દુકાનોમાં કપિરાજ ઘૂસી જતાં વેપારીઓ અને ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. તા. 9 જૂનના રોજ કપિરાજે એક દુકાનમાં તોડફોડ કરી કાચ ફોડી નાંખ્યો હતો. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ પર એકત્રિત થયા હતા. ત્યારબાદ કપિરાજ ગામમાં આવેલી પ્રાથમિક શાળાની દિવાલ પર બેસેલો જોવા મળ્યો હતો. શાળાના પરિસરમાં કપિરાજ દેખાતા અભ્યાસ માટે આવતા નાના બાળકો તેમજ શિક્ષકોમાં પણ ભયનો માહોલ બની રહ્યો હતો. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ગ્રામજનો સતર્ક બન્યા હતા અને કપિરાજના સતત વધતા ત્રાસથી કંટાળેલા ગ્રામજનોએ સમગ્ર મામલે વાંસદા વન વિભાગને જાણ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ગ્રામજનોનું કહેવું છે કે કપિરાજને સુરક્ષિત રીતે પકડીને જંગલ વિસ્તારમાં છોડવામાં આવે, જેથી ગામમાં ફરી શાંતિપૂર્ણ વાતાવરણ સર્જાય.

## અજરાઈના તળાવના ખોદકામનું રૂ.૧૦.૭૯ કરોડનું ટેન્ડર રદ કરાયું

**ટેન્ડરની શરતો મુજબ ૨૫ ટકા રકમ સમયસર જમા ન કરાતાં ગ્રામ પંચાયતનો નિર્ણય**


કેરસી બારીયા

બીલીમોરાઃ ગણદેવી તાલુકાના અજરાઈ ગામે સરકારી તળાવને ઊંડું અને સમથળ બનાવવા માટે માટી ખોદાણ માટે રૂ.૧૦.૭૯ કરોડનું ટેન્ડર ઇજારદાર દ્વારા સમયમર્યાદામાં જરૂરી રકમ જમા ન કરાતાં અજરાઈ ગ્રામપંચાયતે ટેન્ડર રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગણદેવીનાં અજરાઈ ગામે સરકારી બ્લોક નં. ૨૨૪ માં સમાવિષ્ટ ૪૨.૩૨ વિંઘા ક્ષેત્રફળ ધરાવતા તળાવને ઊંડું અને સમથળ કરવા માટે માટી ખનન માટે સૌથી ઊંચું ટેન્ડર શ્રી કે.કે. એન્ટરપ્રાઇઝ (વિશાલ હરીશભાઈ આહીર)નું વિંઘા દીઠ રૂ.૨૫.૫૦ લાખનું આવ્યું હતું. નિયમ મુજબ નિર્ધારીત સમયમર્યાદામાં ઇજારદારે કુલ રકમના ૨૫ ટકા એટલે કે રૂ.૨,૬૯,૭૯,૦૦૦ ગ્રામપંચાયત ખાતે જમા કરાવવાના હતા. ઇજારદાર પાસે જરૂરી રકમ ન હોવાથી પાંચ દિવસની વધારાની મુદત માગવામાં આવી હતી. ગ્રામજનોની રજૂઆતને ધ્યાનમાં રાખીને પંચાયતે મુદત વધારી આપી હતી. તે છતાં ઇજારદારે માત્ર રૂ.૨૫ લાખ જમા કરાવી વધુ સમયની માંગણી કરી હતી. આ મુદ્દે મંગળવારે મળેલી અજરાઈ ગ્રામપંચાયતની ખાસ સામાન્ય સભામાં ચર્ચા કરવામાં આવી હતી. સભાએ નોંધ્યું હતું કે ઇજારદારે ટેન્ડરની શરતો અનુસાર નિર્ધારિત સમયમર્યાદામાં ૨૫ ટકા રકમ જમા કરાવી નથી. જેના આધારે સભાએ સર્વાનુમતે ટેન્ડર રદ કરવાનો ઠરાવ પસાર કર્યો હતો. સાથે જ ઇજારદાર દ્વારા અગાઉ જમા કરાવાયેલી રકમ પરત આપવાની સત્તા સરપંચ અને તલાટી કમ મંત્રીને સોંપવામાં આવી હતી.

ઇજારદાર દ્વારા આશરે રૂ.૮૫ લાખ જેટલી રકમ પણ જમા કરાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે, સમયમર્યાદા વધુ લંબાવવાને બદલે ટેન્ડર રદ કરાતા ગામમાં વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું છે. કોઈક નાં દબાણ હેઠળ નિર્ણય લેવાયો કે કેમ ના પ્રશ્નો ચર્ચાઈ રહ્યાં છે.

## બેંક કર્મી સાથેના સાયબર ફ્રોડ કેસમાં આરોપી છત્તીસગઢથી ઝડપાયો


ગિરીશ ભોયે

સાપુતારાઃ સાયબર ક્રાઈમ પોલીસે બેંક કર્મચારી સાથે ફ્રોડ આચરીને ફરાર થઈ ગયેલા એક શખ્સને ટેક્નીકલ એનાલીસિસ અને ડિજિટલ પુરાવાઓના આધારે છેક છત્તીસગઢ રાજ્યમાંથી ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ડાંગ-આહવા ખાતે નોંધાયેલા ગુનામાં સંડોવાયેલા આરોપીને પકડવા માટે પોલીસે તપાસ હાથ ધરતા આરોપી છત્તીસગઢમાં હોવાનું લોકેશન ટ્રેસ થયું હતું. ડાંગ પોલીસની ટીમે તાત્કાલિક છત્તીસગઢ પહોંચીને આરોપી પ્રિયાંશુ મહેન્દ્ર ચંદ્રાકર (ઉં.વ.૨૨)ને ઝડપી લીધો હતો. પોલીસ તેને ડાંગ-આહવા ખાતે લાવી સઘન પૂછપરછ હાથ ધરીને કાયદેસરની અટકાયત કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે પકડાયેલા આરોપી પાસેથી ગુનામાં વપરાયેલા સાધનો સહિત કુલ રૂપિયા ૧,૩૮,૫૦૦નો મુદ્દામાલ પણ રિકવર કર્યો છે.

## આહવાની માધ્યમિક શાળા અને સરકારી હોસ્ટેલમાં પાણીની કટોકટી

**વિદ્યાર્થીઓને નાહવા-ધોવા અને પીવાના પાણીનાં ફાંફાં**

**તાત્કાલિક ઉકેલ લાવવા વાસુર્ણાના રાજવીની કલેક્ટર સમક્ષ માંગ**

સાપુતારાઃ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી માધ્યમિક શાળા અને તેની બિલકુલ બાજુમાં આવેલી સરકારી હોસ્ટેલમાં હાલમાં પાણીની ભયંકર અછત ઊભી થઈ છે. આ ગંભીર સમસ્યા અંગે વાસુર્ણાના રાજવી ધનરાજસિંહ ચંદ્રસિંહ સૂર્યવંશી દ્વારા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરીને તાત્કાલિક નિવારણ લાવવા માટે ઉગ્ર માંગ કરવામાં આવી છે.

પત્રમાં જણાવ્યા અનુસાર, આ સરકારી હોસ્ટેલમાં ડાંગ જિલ્લાના અંતરિયાળ અને ગરીબ પરિવારોના બાળકો રહીને પોતાનો અભ્યાસ કરે છે. છેલ્લા કેટલાક સમયથી અહીં પૂરતા પ્રમાણમાં પાણી ન મળવાને કારણે આ વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે વિદ્યાર્થીઓને નાહવા-ધોવા, પીવા તેમજ રોજિંદી દૈનિક ક્રિયાઓ માટે પણ પૂરતું પાણી મળી રહ્યું નથી. શાળા અને હોસ્ટેલમાં સર્જાયેલી આ ભયંકર પાણીની અછતના કારણે વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય જોખમાય તેવી ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે, જેના લીધે તેમના અભ્યાસ પર પણ ખૂબ જ માઠી અસર પડી રહી છે. આ ગરીબ બાળકો આવી વિકટ પરિસ્થિતિમાં મુશ્કેલી વેઠી રહ્યા છે, તે અત્યંત ગંભીર બાબત છે. આ સમસ્યાના કાયમી અને તાત્કાલિક ઉકેલ માટે કલેક્ટર સમક્ષ હોસ્ટેલ અને શાળા કેમ્પસમાં તાત્કાલિક ધોરણે પાણીના ટેન્કરો દ્વારા પૂરતો પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે જેથી વિદ્યાર્થીઓને રાહત મળે તેમજ ત્યાં આવેલી પાણીની લાઈન અથવા બોરવેલની ટેકનિકલ ખામીઓની યોગ્ય ચકાસણી કરીને, પાણી પુરવઠા વિભાગ દ્વારા આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં માંગ કરવામાં આવી છે.

## બફારાનો કહેરઃ નવસારીમાં લોકો ઉકળાટથી અકળાયા

**૯૧ ટકા ભેજે વધારી ગૂંગળામણ, મેઘરાજાની રાહમાં જિલ્લાવાસીઓ**

નવસારીઃ નવસારી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમી કરતાં વધુ બફારાએ લોકોની હાલત કફોડી બનાવી છે. સવારથી જ હવામાં વધેલા ભેજના કારણે સમગ્ર જિલ્લામાં ગૂંગળામણભર્યો માહોલ જોવા મળી રહ્યો છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ આજે જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જોકે તાપમાન સામાન્ય જણાતું હોવા છતાં હવામાં રહેલા ભારે ભેજના કારણે લોકોને અનુભવાતી ગરમી અનેકગણી વધી ગઈ હતી. આજે સવારના સમયે ભેજનું પ્રમાણ ૯૧ ટકા સુધી પહોંચતા સમગ્ર જિલ્લામાં ઉકળાટનો માહોલ સર્જાયો હતો. ઘરની બહાર નીકળતા જ લોકો પરસેવાથી ભીંજાઈ જતા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી અંદાજે ૮.૯ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પરંતુ ભેજનું પ્રમાણ વધારે હોવાથી પવન પણ ખાસ રાહત આપી શક્યો નહોતો. સાંજના સમયે ભેજનું પ્રમાણ ઘટીને ૬૫ ટકા નોંધાયું હોવા છતાં વાતાવરણમાં બફારો યથાવત રહ્યો હતો.

હવામાન નિષ્ણાતોના મતે અરબી સમુદ્ર તરફથી આવતી ભેજયુક્ત હવાના કારણે ચોમાસા પૂર્વેની આ સ્થિતિ સર્જાઈ છે. વધતા ભેજના પ્રમાણ અને બદલાતા વાતાવરણને જોતા આગામી દિવસોમાં વરસાદી માહોલ સર્જાવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ ખેડૂતોની નજર પણ હવે આકાશ પર ટકેલી છે. હાલ નવસારીમાં લોકો માટે સૌથી મોટી રાહત વરસાદ જ બની શકે તેવી સ્થિતિ છે. ગરમી કરતાં વધુ બફારાથી અકળાયેલા જિલ્લાવાસીઓ હવે આતૂરતાપૂર્વક મેઘરાજાના આગમનની રાહ જોઈ રહ્યા છે.

## વરિષ્ઠ નાગરિકો માટે જલાલપોર ફાટક વિસ્તારમાં મફત વાહન સેવા

**નવસારી મનપાની અનોખી પહેલને સ્થાનિક નાગરિકોએ બિરદાવી**

નવસારીઃ નવસારી શહેરના વરિષ્ઠ નાગરિકોને રોજિંદી અવરજવરમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે નવસારી મહાનગરપાલિકા દ્વારા એક સંવેદનશીલ અને લોકહિતલક્ષી પહેલ કરવામાં આવી છે. રેલવે સ્ટેશન અને જલાલપોર ફાટક વિસ્તારમાં અવરજવર કરતાં સિનિયર સિટીઝન્સ માટે વિનામૂલ્યે વાહન પરિવહન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

નવસારીના મેયર અશોક ધોરાજિયા, મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના ચેરમેન તથા અન્ય આગેવાનોના હસ્તે લીલી ઝંડી બતાવી આ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન મહાનગરપાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ સ્થાનિક નાગરિકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જલાલપોર રેલવે ફાટક લાંબા સમય સુધી બંધ રહેતો હોવાથી વરિષ્ઠ નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ઘણી વખત વૃદ્ધોને લાંબો ચક્કર મારીને જવું



પડતું હતું અથવા તડકો, વરસાદ અને ટ્રાફિક વચ્ચે રાહ જોવી પડતી હતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકાએ વડીલો માટે વિશેષ મફત વાહન સેવાની વ્યવસ્થા ઊભી કરી છે.

આ સેવા રેલવે સ્ટેશન સિટી બસ પોર્ટથી લઈને રવિ દાણા-ચણાની દુકાન સામે સુધી સતત ફેરા મારશે. જેના કારણે વડીલોને હવે ફાટક બંધ હોવા છતાં સરળતાથી અવરજવર કરવાની સુવિધા મળશે. ખાસ કરીને હોસ્પિટલ, બજાર, બેંક કે અન્ય જરૂરી કામ માટે જતા વૃદ્ધોને આ સેવા ખૂબ જ ઉપયોગી બનશે. સ્થાનિક નાગરિકોએ પણ મહાનગરપાલિકાની આ પહેલને બિરદાવી છે. ઘણા વરિષ્ઠ નાગરિકોએ જણાવ્યું હતું કે આ સેવા તેમના માટે માત્ર વાહન વ્યવસ્થા નહીં પરંતુ સન્માન અને સહાનુભૂતિનું પ્રતિક છે.

## નવસારીને સિમેન્ટના જંગલમાં નહીં, હરિયાળા શહેરમાં ફેરવો

**છાપરા રોડ પર પેવર બ્લોકના કામ સામે વૃક્ષારોપણની લોકમાંગ**

નવસારીઃ શહેરમાં સતત વધી રહેલી ગરમી, પ્રદૂષણ અને ઘટતી હરિયાળીને લઈને નાગરિકોમાં ચિંતા વધી રહી છે. આ વચ્ચે છાપરા રોડ પર ચાલી રહેલા પેવર બ્લોકના કામને લઈને સ્થાનિકોમાં ચર્ચા શરૂ થઈ છે અને વિકાસના નામે વધી રહેલા કોંક્રિટીકરણ સામે અવાજ ઉઠવા લાગ્યો છે. નાગરિકોનું માનવું છે કે શહેરની ખુલ્લી જગ્યાઓ પર પેવર બ્લોક અને સિમેન્ટનું આવરણ પાથરવાના બદલે મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવે તો તે શહેર અને આવનારી પેઢી બંને માટે વધુ લાભદાયક સાબિત થઈ શકે.

પર્યાવરણપ્રેમીઓના જણાવ્યા મુજબ પેવર બ્લોકના વધતા ઉપયોગને કારણે વરસાદી પાણી જમીનમાં ઉતરવાનું પ્રમાણ ઘટે છે, જેના કારણે ભૂગર્ભ જળસ્તર પર અસર પડે છે. સાથે જ કોંક્રિટ અને સિમેન્ટ ગરમી શોષી લેતાં શહેરનું તાપમાન પણ સતત વધી રહ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે આજે જે જગ્યાઓ પર પેવર બ્લોક બેસાડવામાં આવી રહ્યા છે, ત્યાં છાયાદાર અને ઓક્સિજન આપતા વૃક્ષો વાવવામાં આવે તો શહેરને લાંબા ગાળે મોટો ફાયદો થઈ શકે. નાગરિકોએ તંત્રને અપીલ કરી છે કે વિકાસના કાર્યો સાથે પર્યાવરણનું સંતુલન જાળવવામાં આવે અને છાપરા રોડ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં હરિયાળી વધારવા માટે વિશેષ આયોજન કરવામાં આવે.

## વલસાડ અને લાલકુઆં વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે

વલસાડઃ પશ્ચિમ રેલવે એક એક અખબારી યાદી મુજબ, ટ્રેન નંબર 05343/05344 વલસાડ-લાલકુઆં સ્પેશિયલ ટ્રેન બંને દિશામાં કુલ 10 ફેરા મારશે. જેમાં ટ્રેન નંબર 05343 વલસાડ-લાલકુઆં સ્પેશિયલ દર શુક્રવારે વલસાડથી બપોરે 15:25 કલાકે ઉપડશે અને બીજા દિવસે શનિવારે સાંજે 17:45 કલાકે લાલકુઆં પહોંચશે. આ ટ્રેન 12 જૂન, 2026 થી 10 જુલાઈ, 2026 સુધી ચાલશે. જ્યારે પરતીમાં ટ્રેન નંબર 05344 લાલકુઆં-વલસાડ સ્પેશિયલ દર ગુરુવારે લાલકુઆંથી સવારે 09:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે શુક્રવારે બપોરે 12:00 કલાકે વલસાડ પહોંચશે. આ ટ્રેન 11 જૂન, 2026 થી 09 જુલાઈ, 2026 સુધી દોડાવવામાં આવશે. આ ટ્રેન મુસાફરોની સુવિધા માટે બંને દિશામાં સુરત, છાયાપુરી, રતલામ, કોટા જંક્શન, સવાઈ માધોપુર જંક્શન, ભરતપુર જંક્શન, મથુરા જંક્શન, મથુરા કેન્ટ, કાસગંજ, બદાઉં અને બરેલી સિટી જંક્શન સ્ટેશનો પર ઊભી રહેશે.

